# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref No. PN 2024-25/62 Dt. 17/08/2024

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પોલિસ અને ટીઆરબી ડિપાર્ટમેન્ટ માટે ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

### શહેરીજનો ટ્રાફિકના નિયમનું પાલન કરતાં તો શીખ્યા છે, પરંતુ તેમને ટ્રાફિક સિગ્નલો વિશે વધુ જાગૃત કરવાની જરૂરઃ ચેમ્બરના ઉપ પ્રમુખ નિખિલ મદ્રાસી

### તમે તમારા કામના માલિક બનો, કામના ગુલામ નહીં બનોઃ ચેમ્બરના માનદ્ ખજાનચી અને સીનિયર કોર્પોરેટ ટ્રેઈનર મૃણાલ શુક્લ

### જ્યારે પોલિસ જવાન અને ટીઆરબી જવાન સિગ્નલ પર ઉભા રહે છે, ત્યારે લોકો તેમના પાસેથી ઘણી અપેક્ષાઓ રાખે છેઃ ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય અને કોર્પોરેટ ટ્રેઈનર ચિરાગ દેસાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૧૭ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે, પોલિસ ટ્રેનિંગ હોલ, અઠવાલાઈન્સ, સુરત ખાતે પોલિસ

અને ટીઆરબી ડિપાર્ટમેન્ટ માટે ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેમ્બરના માનદ્ ખજાનચી અને સીનિયર કોર્પોરેટ ટ્રેઈનર શ્રી મૃણાલ શુક્લ અને ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય અને કોર્પોરેટ ટ્રેઈનર શ્રી ચિરાગ દેસાઈ સુરત શહેર પોલિસ અને ટીઆરબી જવાનોને પોઝિટીવ એટીટ્યુડ, કોમ્યુનિકેશન, બ્રિજ ધ ગેપ અને કોમ્યુનિકેશન અંગેની ટ્રેનિંગ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'સુરત શહેરની ટ્રાફિકને સુવ્યવસ્થિત કરવા માટે ટ્રાફિક પોલિસ સતત કાર્ય કરી રહ્યું છે, જેના પરિણામ સ્વરૂપે શહેરીજનોમાં આવેલું પરિવર્તનની વિશિષ્ટ નોંધ પણ લેવાઈ રહી છે. શહેરીજનો ટ્રાફિકના નિયમનું પાલન કરતાં તો શીખ્યા છે, પરંતુ તેમને ટ્રાફિક સિગ્નલો વિશે વધુ જાગૃત કરવાની જરૂર છે. જેમ કે, લેફ્ટ સાઈટનું સિગ્નલ ગ્રીન હોય છે છતાં અનેક લોકો સિગ્નલ શરૂ ન થાય ત્યાર સુધી ઉભા રહે છે અથવા તો એવી રીતે ઉભા રહે છે, જેથી અન્ય વાહનચાલકો લેફ્ટ સાઈટ જઈ શકતા નથી. પોલિસ અને ટીઆરબી જવાનોને તમામ લોકો સાથે મળીને કાર્ય કરવાનું રહે છે.'

સુરત સિટી ટ્રાફિક રિજીયન-૪ના ACP શ્રી એમ.એસ. શેખે જણાવ્યું હતું કે, 'વાણી, વર્તન સારું હશે તો લોકો તમારો સ્વીકારશે. સુરત શહેર પોલિસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોત આવ્યા હતા. શહેરની ૮૦ લાખ વસ્તીમાં દૈનિક ૨૦-૨૫ થી ક્રાઈમના કેસ આવતા હતા. જ્યારે ટ્રાફિકની અસર ૫૦-૬૦ લાખ લોકોને થતી હતી. જેના કારણે લોકોને ટ્રાફિક નિયમનનું પાલન કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.'

સીનિયર કોર્પોરેટ ટ્રેઈનર શ્રી મૃણાલ શુક્લએ જણાવ્યું હતું કે, 'તમે તમારા કામના માલિક બનો, કામના ગુલામ નહીં બનો. જ્યારે વ્યક્તિ કામનો માલિક બને છે, ત્યારે તે કામ કરવા માટે વધુ ઉત્સાહિત અને સમર્પિત બને છે. પરિસ્થિતી સતત બદલાતી રહે છે. બદલાતા સમયની સાથે જ વ્યક્તિએ એટીટ્યુડ, અભિગમ અને દૃષ્ટિકોણમાં ફેરફાર કરવો એ માનવી માટે મહત્વનું છે. દરેક વ્યક્તિના જીવનમાં મુશ્કેલ સમય આવે છે, એ મુશ્કેલ સમયમાં પોઝિટીવ એટીટ્યુડ જાળવી રાખવો મહત્વનો હોય છે.'

તેમણે વધુમાં પોઝિટીવ એટીટ્યુડ બે રીતે કાર્ય કરે છે, પ્રથમ કાર્ય દ્વારા અને બીજું સામેના પક્ષ માટે  કરવામાં આવતા વર્તન દ્વારા. દરેક વ્યક્તિએ પોતાને એક પ્રશ્ન કરવો જોઈએ કે, પોતે જે

વ્યવસાય કરે છે, તે પ્રત્યે કેટલા અંશે સમર્પિત છે? તેમણે ટેનિસ પ્લેયર અર્થર અશેનું ઉદાહરણ આપીને પોઝિટીવ એટીટ્યુડની ઊંડી સમજણ આપી હતી. જ્યારે દરેક શહેરીજન પોતાની ભૂમિકા ભજવશે, ત્યારે શહેર વધુ સુરક્ષિત અને રહેવાલાયક બનશે.

કોર્પોરેટ ટ્રેઈનર શ્રી ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું કે, 'જ્યારે સામાન્ય લોકો રસ્તા પરથી પસાર થાય છે, ત્યારે તેઓ ટીઆરબી જવાન, પોલિસ ઈન્સ્પેક્ટર, કોન્સ્ટેબલ તમામને સમાન માને છે. જ્યારે પોલિસ જવાન અને ટીઆરબી જવાન સિગ્નલ પર ઉભા રહે છે, ત્યારે લોકો તેમના પાસેથી ઘણી અપેક્ષાઓ રાખે છે. લોકો એ અપેક્ષા રાખે છે કે, શહેરનું ટ્રાફિક સુવ્યવસ્થિત ચાલે, હું સિગ્નલનું પાલન કરૂં છું તો અન્ય પાલન ન કરતાં વ્યક્તિઓને છોડી ન દેવામાં આવે. આપણા શહેરના નાગરિકો કામથી સંતુષ્ટ છે કે નહીં તે જાણવું પણ મહત્વનું છે. આપણા કામને લોકો બિરદાવે તેવું કામ કરવું મહત્વનું છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'પોઝિટીવ એટીટ્યુડનું રિફ્લેક્શન આપણા વ્યવહારમાં દેખાવવું જોઈએ. જવાનોએ સ્મિત સાથે સેવા આપવી જોઈએ, જેથી લોકોના મનમાં તેમના પ્રત્યે આદરભાવ નિર્માણ થશે.  ટ્રાફિક જવાનોએ સિગ્નલ પર એકદમ પરફેક્ટ ઈન્ટર્નલ કો-ઓર્ડિનેશન હોવો જોઈએ, જેથી લોકોને પરેશાની ન થાય.'

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ સેક્રેટરી શ્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં સુરત સિટી પોલિસ ઈન્સ્પેક્ટર ટ્રાફિક (પ્લાનિંગ) સુશ્રી એમ.બી. શેરગીલ, PSI સુશ્રી સરોજબેન બુવા પોલિસ વિભાગના જવાનો અને ટીઆરબી જવાનો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન સુશ્રી કામિનીબેન ડુમ્મસવાલાએ આભાર વિધી કરી હતી, કાર્યક્રમનું સમાપન કર્યું હતું.